Received on : 09-07-2026
Registered on : 09-07-2026
Decided on : 22-07-2026
Duration : Y M D
- - 13

**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**ફોજદારી પરચુ.અરજી નં.૫૫૬/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** મયુર ઉર્ફે ભમરીયો ધીરૂભાઈ ધમ્મર,
ઉ.વ.૨૪ આ., ધંધો-મજુરી,
રહે. સાતવડલા વિસ્તાર, મું.મેંદરડા,
તા.મેંદરડા, જી.જુનાગઢ.
હાલ બંને : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૯(૪), ૩૧૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ
**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૮૭/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એસ.બી.પરમાર
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૩૯૨૬૦૦૮૭/૨૦૨૬, ભારતીય ન્યાય

સંહિતાની કલમ–૩૦૯(૪), ૩૧૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી વી.જે.સાવજ, પ્રો.પોલીસ ઈન્સ્પેકટર, મેંદરડા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.બી.પરમારનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૩૯૨૬૦૦૮૭/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૪), ૩૧૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ ચાર્જશીટ પહેલા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ૧૨૭૮૩/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે જામીન અરજી નોટપ્રેસ કરેલ હતી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે અન્ય આરોપીએ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૫૨૪/૨૦૨૬ થી જામીન અરજી કરેલ છે. વધુમાં આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેનો સેશન્સ કેસ નં.૩૨/૨૦૨૬ રહેલ છે. અરજદાર/આરોપી સામે ખોટી રીતે ગુનામાં ફરીયાદ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી જે પણ શરતો ફરમાવવામાં આવશે તે તમામ શરતો પાળવા તૈયાર અને ખુશી છે.

અરજદાર/આરોપી મેંદરડાના રહેવાસી છે જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી સોગંદનામાની વિગતે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી વી.જે.સાવજ, પ્રો.પોલીસ ઈન્સ્પેકટર, મેંદરડા પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૫ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદી સાથે અગાઉ હાલના અરજદાર/આરોપી સાથે બોલાચાલી થયેલ હોય તેનો ખાર રાખી હાલના કામના અરજદાર/આરોપી તથા આરોપી મહેન્દ્ર ઉર્ફે ભીમાભાઈ ડાભીનાઓએ પ્રાણઘાતક હથિયાર સાથે લઈ આવી ફરીયાદી તથા સાહેદ ભાવીન વિનુભાઈ ગજેરાને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી હાલના અરજદાર/આરોપી ફરીયાદી ઉપર ફરસીનો ઘા કરી ફરસી નીચે પડી જતા ઢીકાપાટુનો મુંઢ માર મારી તથા આરોપી મહેન્દ્ર ઉર્ફે ભડુ ભીમાભાઈ ડાભીનાએ ફરીયાદીને પકડી રાખી ગળા ઉપર છરી રાખી સાહેદ વચ્ચે પડતા તેઓને પણ મોઢા પર મારી ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ પાકીટમાં રૂા.૭૫૦/- ની લુંટ કરી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે.

(૬) આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જયારે અરજદાર/આરોપી તા.૧૭/૦૪/૨૦૨૬ થી કસ્ટડીમાં રહેલ છે. વધુમાં નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ

આરોપીને પ્રિ–ટ્રાયલ–કન્વીકશન ન થાય તે ધ્યાને લેવાનું રહે છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થવાની શકયતા નહીવત રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી જુનાગઢના મેંદરડા તાલુકાના રહેવાસી છે જેથી અરજદાર/આરોપી નાસી ભાગી જાય નહી તેવી અરજદાર તરફેની રજુઆતમાં વજુદ જણાય છે. તેમજ આ કામના અરજદાર/આરોપી સામે અન્ય ગુના નોંધાયેલ હોય તે માત્રથી તેઓને જામીન ઉપર ન મુકત કરી શકાય તેવો સિધ્ધાંત રહેલ નથી. વધુમાં હાલના કામના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તે હકીકત નકારી શકાય તેમ નથી. વધુમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે ફરીવખત આવા પ્રકારનો ગુનો આચરશે તેવી ફરીયાદપક્ષની રજુઆત બાબતે યોગ્ય તે શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 તથા Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા હાલના કામેના અરજદાર /આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

હાલના અરજદાર/આરોપી મયુર ઉર્ફે ભમરીયો ધીરૂભાઈ ધમ્મર, રહે. સાતવડલા વિસ્તાર, મું.મેંદરડા, તા.મેંદરડા, જી.જુનાગઢવાળાની જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૩૯૨૬૦૦૮૭/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૪), ૩૧૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામની રેગ્યુલર જામીન અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

અરજદાર/આરોપી મયુર ઉર્ફે ભમરીયો ધીરૂભાઈ ધમ્મર, રહે. સાતવડલા

વિસ્તાર, મું.મેંદરડા, તા.મેંદરડા, જી.જુનાગઢવાળાઓને જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૩૯૨૬૦૦૮૭/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૪), ૩૧૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**<u>શરતો :</u>**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૭ માં અત્રેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનું સોગંદનામુ કરવુ.

૫. અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**૬. <u>અરજદાર/આરોપીએ હુકમ તારીખથી નવ માસ સુધી દર મહીનાની તા.૧ થી ૧૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧.૦૦ દરમ્યાન હાજરી પુરાવવી</u>**.

– ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલિસ સ્ટેશનને કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)